જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૩૧-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ગાંધીનગર લોકસભા બેઠક માટે અમિત શાહે દિગ્ગજ નેતાઓની હાજરીમાં ઉમેદવારી ફોર્મ ભર્યું

વિજયના શંખનાદ સાથે શહેન 'શાહ'ની શાહી સવારી





અડવાણીજીની વિરાસતને હું વિનમ્રતાથી આગળ વધારવાનો પ્રયાસ કરીશ,મારા જીવનમાંથી જો ભાજપને બાદ કરીએ તો માત્ર શૂન્ય બચે,ગુજરાતની ૨૬ બેઠકો મોદીજીની ઝોળીમાં નાખો, શાનથી વડાપ્રધાન બનાવો

ગાંધીનગર

લોકસભાની બેઠક પર ભાજપના અધ્યક્ષ અમિત શાહ ઉમેદવારી નોંધાવી છે. ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ઉમેદવારી ફોર્મ ભર્યું છે. કેન્દ્ર મંત્રી અરૂણ જેટલી, ગૃહમંત્રી રાજનાથસિંહ, શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી સહિતના દિગ્ગજ નેતાઓની હાજરીમાં અમિત શાહે ઉમેદવારી નોંધાવી છે. મહત્વનું છે કે, અમિત શાહના નામાંકનમાં નિતિન ગડકરી, રામવિલાસ પાસવાન જોડાયા હતા.

અમિત શાહ તેમના થલતેજના નિવાસથી નારણપુરામાં આવેલા સરદાર ચોક પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે સરદારની પ્રતિમાને ફૂલહાર કર્યા હતા. દરમિયાન શંખનાદ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાહ રોડ શો કર્યા બાદ ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ઉમેદવારીપત્ર ભરવા પહોંચ્યા હતા. રોડ શોના રૂટ પર ૨૪ જગ્યાએ અલગ અલગ સમાજના લોકો અને આગેવાનો અમિત શાહનું સ્વાગત કરાયું હતું. રૂટ પર ૨૫ જેટલા સ્ટેજ બનાવવામાં આવ્યા હતા.

અમદાવાદથી ગાંધીનગર સુધી અમિત શાહ રોડ શો કર્યો હતો. આ દરમિયાન માલધારી સમાજ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો. માલધારી સમાજની મહિલાઓએ ગરબા કરીને અમિત શાહનુ સ્વાગત કર્યુ હતુ.

ગાંધીનગરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અમિત શાહે વંદે માતરમના નારા સાથે પોતાનું સંબોધન શરૂ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, મને ૧૯૮૨ના દિવસો યાદ આવે છે જ્યારે મેં બુથના અધ્યક્ષ તરીકે અહીં કામ કર્યું હતું. બુથના પોસ્ટર ચોંટાડતા અને પ્રચાર કરતા હું અહીં સુધી પહોંચ્યો છું. મારા જીવનમાંથી ભારતીય જનતા પાર્ટીને બાદ કરીએ તો માત્ર શૂન્ય જ બચે.

તેમણે ભારતીય જનતા પાર્ટી વિશે જણાવ્યું હતું કે, અહીં મારા વરિષ્ઠ નેતા છે. મારા જીવનમાંથી ભારતીય જનતા પાર્ટીને નીકાળી દો તો શૂન્ય બાકી રહે છે. જે પણ મેં શીખ્યું તે ભારતીય જનતા પાર્ટીની દેન છે. અહીં લાલ કૃષ્ણ અડવાણી, અટલજી અને પુરષોતમ માળવંકર સાંસદ રહ્યા છે. ત્યારે મારું સૌભાગ્ય છે કે અહીંથી હું ઉમેદવારી નોંધાવું છું.

વધુમાં તેમણે કહ્યું હતું કે, હું જનતાની વચ્ચે રહેનારો માણસ છું. આ ચૂંટણી એક જ મુદ્દા પર લડશે કે આ દેશનું નેતૃત્વ કોણ કરશે? આજે દેશમાં મોદી મોદી એક જ નામ ચર્ચાય છે. ૭૦ વર્ષોથી દેશની જનતા જે નેતૃત્વની રાહ જોઈ રહી હતી તે નરેન્દ્ર મોદી એ આપ્યું છે. ગુજરાત પોતાના દીકરાને શાનની સાથે ફરીથી વડાપ્રધાન બનાવે.

તેમણે જનતાને હુંકાર કર્યો હતો કે ગુજરાતની ૨૬માંથી ૨૬ બેઠકો જીતાવી દઉં અને ગાંધીનગરના વિકાસની વાત કરી હતી. તેમણે કહ્યું કે, અડવાણીજીની વિરાસતને હું વિનમ્રતાથી આગળ વધારવાનો પ્રયાસ કરીશ.

આભાર કોંગ્રેસ,અમારો માથાનો દુ:ખાવો (શત્રુઘ્નસિંહા) હવે તમારી પાસે: જેટલી

ન્યુ દિલ્હી

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના બાગી સાંસદ શત્રુઘ્ન સિન્હા લોકસભાની ચૂંટણી પહેલાં જ કોંગ્રેસના ખેમામાં જવાને લઈ કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી એ કટાક્ષ કર્યો છે. તેમણે અભિનેતામાંથી રાજનેતા બનેલા શૉટગનને પાર્ટી માટે માથાનો દુ:ખાવો ગણાવ્યો છે અને કોંગ્રેસે તેને સ્વીકારવા માટે શુક્રિયા છે.

ફેસબુક બ્લોગ દ્વારા નાણાંમંત્રીએ કહ્યું કે ભાજપના જાણીતા કેટલાંક પૂર્વ ચહેરાઓને કોંગ્રેસે ગિફ્ટ તરીકે સ્વીકારી લીધા છે. અમે કોંગ્રેસનો તેના માટે આભાર માનીએ છીએ, કારણ કે અમારા માટે તેઓ માથાનો દુ:ખાવો બની ચૂકયા છે. ગુડ લક.

ગઠબંધનને લઈ કોંગ્રેસને ઘેરતા જેટલીએ ગઠબંધનને રાજકીય સર્કસ ગણાવ્યું. મહાગઠબંધન પહેલાં જ ફેલ થઈ ચૂકયું છે, કારણ કે ત્રીજા તબક્કાના નામાંકનની તારીખ નજીક આવી રહી છે. ત્યાં કોઈ ગઠબંધન નથી. મહાગઠબંધનને એકલું રહેવા દો. ગઠબંધન પાસે ના તો કોઈ નેતા, ના કોઈ યોજના. આ લોકોના વિચાર પણ મળતા નથી. જ્યારે મુખ્ય કારણ સ્થિરતાની અછત પણ છે. નાણાંમંત્રીના મતે ગઠબંધનના દરેક નેતા પોતાની ઊંચાઈ ઈચ્છે છે. એ લોકોને લાગે છે કે તેઓ અરાજક સ્થિતિમાં સત્તા પ્રાપ્ત કરી શકે છે. આગળ તેમણે આ લિસ્ટ ટ્વિટ કરતાં લખ્યું કે આ વિભિન્ન સંસદીય ક્ષેત્રોની માહિતી છે, જે દર્શાવે છે કે કોંગ્રેસ ગઠબંધન માટે યોગ્ય ભાગીદાર નથી. જુઓ રાજ્યવાર માહિતી.

ભાજપ-શિવસેનાની વિચારધારા એક જ છે, હવે ભગવો જ લહેરાશે: ઉદ્ધવ ઠાકરે

અમદાવાદ

ઉદ્ધવ ઠાકરેએ અમિત શાહના વખાણની સાથે જ વિરોધી પાર્ટી પર પ્રહાર કર્યા અને કહ્યું કે, મારા અને અમિત ભાઈ વચ્ચે કોઈ વિવાદ નથી. જેટલા વિવાદ છે તે ખત્મ કરી દીધા છે. જેમના પેટમાં દર્દ થવા લાગ્યું છે તેમનો ઈલાજ મારી અને અમિત ભાઈ પાસે છે. તેમણે ભાજપ અને શિવસેનાની વિચારધારા પર જણાવ્યું કે, આપણી વિચારધારા એક છે. હિન્દુત્વની વિચારધારા છે. મારા પિતાજી કહેતા હતા કે હિન્દુત્વ મારો શ્વાસ છે અને શ્વાસ અટકી જાય તો શું થાય ? તેમણે અબતક પદ્ધ ફિલ્મનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે, દિલ મળે ન મળે હાથ મળવો જોઈએ, અમારું દિલ મળી ગયું છે. અમે એ જ વિચાર્યું કે ગત્ત ૫ વર્ષમાં જે થયું તે થઈ ગયું. એક સમયે અમારી પાર્ટીમાં કોઈ આવવા તૈયાર નહોતું. એક સપનું હતું જે હવે સત્યમાં બદલી ગયું છે અને દિલ્હીના તખ્ત પર ભગવો લહેરાયો છે. તેમણે મહાગઠબંધન પર પ્રહાર કરતા કહ્યું હતું કે, તમારામાંથી કોણ બનશે પ્રધાનમંત્રી ? જ્યારે જનતા મોદી મોદીના નારા લગાવવા લાગી ત્યારે ઉદ્ધવ ઠાકરેએ કાઉન્ટર અટેક કરતા કહ્યું કે, એક નામ લઈ નારો બોલવામાં આવે. અત્યારથી જ તેમણે પગ ખેંચવાની શરૂઆત કરી દીધી છે. તેમણે ફરી પોતાના પિતા બાલાસાહેબ ઠાકરેને યાદ કરતા કહ્યું કે, મારા પિતાએ મને શીખવ્યું છે કે, જે કરવું છે તે દિલ ખોલીને કરો. અમિત ભાઈ હું દિલથી અહીં આવ્યો છું તમને શુભકામનાઓ આપવા માટે.

વડાપ્રધાને અસમ-અરુણાચલ પ્રદેશમાં ચૂંટણીસભા સંબોધી

નામદાર પોતે જામીન પર અને ચોકીદારને ગાળો આપે છે: મોદી

નામદારને તમારી ભલાઈની નહીં મલાઈની ચિંતા, જો બીજી વખત ઘૂસવા દેશો તો મલાઈ ખાઈ જશે,જે વાત પર દેશને ગર્વ થાય છે તેમને દુખ થાય છે



આલો

લોકસભા ચૂંટણી માટે તાબડતોડ રેલીઓ કરી રહેલા પીએમ નરેન્દ્ર મોદીએ આજે કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા છે. અરૂણાચલ પ્રદેશના આલોમાં એક રેલીને સંબોધિત કરાતં પીએમે કહ્યું કે કોંગ્રેસની ઈચ્છા દિલ્હીમાં સરકાર હોય કે પછી કોઈ રાજ્યમાં તેમની કરપ્શનથી હંમેશા મજબૂત સાંઠગાંઠ રહી છે. પીએમ એ કહ્યું કે તેમને માત્ર મલાઈની ચિંતા રહી છે અને અમને દેશની ભલાઈની રહે છે.

વડાપ્રધાને કોંગ્રેસને આડા હાથે લેતા કહ્યું કે કોંગ્રેસની હંમેશા કરપ્શન સાથે મજબૂત સાંઠગાંઠ રહી છે. આ બધાને બાંધનાર ફેવિકોલ કરપ્શન છે. તેમના નેતા ગરીબોની થાળી ચોરે છે, તેમના દિલ્હીમાં બેઠેલા નેતા ઈનકમ ટેક્સ ચોરે છે. અખબાર ચલાવા માટે આપવામાં આવેલી જમીનમાંથી લાખો રૂપિયા ભાડું કમાય છે. રક્ષા સોદામાં દલાલી ખાય છે. પોતે જામીન પર છે, જે બેલ પર છે, તે ચોકીદારને ગાળો આપી રહ્યાં છે. વડાપ્રધાને કહ્યું કે, "દિલ્હીમાં બેઠેલા (કોંગ્રેસના) નેતા ઈકમટેક્સ ચોરે છે. નામદાર પોતે જામીન પર છે. જો તે ન મળ્યાં હોત તો ક્યાં હોત? પોતે તો બચી ગયા અને ચોકીદારને ગાળો આપી રહ્યાં છે. આ લોકોને ટેકન ફોર ગ્રાન્ટેડની જૂની આદત છે.

મોદીએ કહ્યું કે ના તો દેશના જવાનોની ચિંતા કરે છે અને ના તો નવજવાનની ચિંતા કરે છે. ભારત જ્યારે પણ મોટી સફળતા પ્રાપ્ત કરે છે તો નામદારો અને તેમના દરબારીઓના ચહેરા લટકી જાય છે. બસ રડવાનું બાકી રહી જાય છે.







બે વર્ષ થી ઊંઝા પો.સ્ટે.ના ગુનાના નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી પોલીસ

મહેસાણા જીલ્લાના પોલીસ અધિક્ષક નિલેષ જાંજડીયા તથા વિસનગર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એમ.બી.વ્યાસની ચુટંણીલક્ષી કામગીરી અર્થે નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના માર્ગદર્શન હેઠળ અમો તથા ઉંઝા.પો.સ્ટે.ના ડી સ્ટાફના પો.સબ.ઈન્સ જે.ડી.પંડ્યા તથા એ.એસ. આઈ. પરષોત્તમભાઈ રાજાભાઈ તથા આ.પો.કો. નિકુલકુમાર જયંતીભાઈ તથા અ.લોકરક્ષક વિવેકકુમાર અરવિંદભાઈ વિ.સ્ટાફના માણસો સાથે ઉંઝા પો.સ્ટે વિસ્તારમાં રહેતા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ડી.સ્ટાફના અ.લોકરક્ષક વિવેકકુમાર અરવિંદભાઈ બ.નં.૦૭૪૯ ને મળેલ માહીતી આધારે ઉંઝા પોસ્ટે.ફ.ગુ.ર.નં.૩૦/૧૭ ઈ.પી.કો. કલમ ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) મુજબના કામના આરોપી મહેબુબમીયા ગનીમીયા સૈયદ રહે. ભાખરવાળો છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો હોઇ જે ભાખર ગામમા આવેલો હોવાની માહીતી આધારે ભાખર ગામે પ્રાથમીક શાળા પાસે પહોચતા ઉપરોક્ત ગુન્હાનો આરોપી ચાલતો જતો હોઇ જેને સ્ટાફના માણસો દોડીને પકડી પાડેલ જેને ઉંઝા પો.સ્ટે.ના ઉપરોક્ત ગુન્હાના કામે આજરોજ તા.૩૦/૦૩/૨૦૧૯ ના રોજ અટક કરવામા આવેલ છે.

હળવદ પંથકમાં કાયદો વ્યવસ્થા ખાડે દેશી દારૂના ધોડાપૂર ટ્રાફિક સમસ્યા તોબા તોબા

હળવદ તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી કાયદો-વ્યવસ્થા કથળેલી સ્થિતિ તથા ટ્રાફિક સમસ્યા જોવા મળે છે છતાં પણ હળવદ પોલીસ દ્વારા નક્કર પગલાં ન લેવાતા લોકોમાં અનેક જાતની ચર્ચા ચર્ચાઈ રહી છે એટલું જ નહી પણ પથંકમાં દેશી દારૂના અડ્ડાઓ ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે તેઓ લોકમુખે ટોક ઓફ ધી ટાઉન બનીચચાયૅ રહયુ છે હળવદ શહેરમાં ખુલ્લેઆમ દેશી દારૂ વેચાય રહ્યો છે જે આમ પબ્લિકને બતાય છે પરંતુ પોલીસને ન દેખાતા અનેક સવાલો સવાલો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે,

મોરબી જિલ્લાના હળવદ પંથકમાં પોલીસની રહેમનજર હેઠળ અને ઉપેક્ષાના કારણે છેલ્લા ઘણા સમયથી દારૂનું દૂષણ ખૂબ જ વધી જવા પામ્યો છે જાણવા મળતી માહિતી મુજબ હળવદ પંથકમાં છેલ્લા ઘણા સમયથી દારૂના દૈત્યે પોતાનું માથું ઉચક્યું છે પોલીસ તંત્ર દ્વારા આ અંગે મૌન માં સેવવામાં આવતા અસામાજિક તત્વો ખુલ્લેઆમ દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે હળવદ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ખુલ્લેઆમ દારૂના અડ્ડાઓ ધમધમી પંથકની પ્રજા ત્રસ્ત થઈ ગઈ છે દારૂબદી ના કારણે શહેરમાં ગુનાનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે આ ઉપરાંત શહેરમાં ખુલ્લેઆમ મળી રહે છે આમ લોકોના મોઢે ચર્ચાઈ રહ્યું છે કે દૂધના સ્થાને દારૂ મળી રહ્યો છે અનેક લોકો આ દારૂના બરબાદ થઈ રહ્યા છે છતાં પણ પોતાના લાભ લઈને પોલીસ આંખ આડા કાન કરી રહ્યું છે ત્યારે આવા હમા લેતા પોલીસ પોલીસકર્મીઓને ઉચ્ચઅધિકારીઓ કયારે પાઠ ભણાવે શે ? અને દારૂના અડ્ડા બંધ કરાવે તેવી લોકોની માગણી ઉઠવા પામી છે હળવદ પંથકમાં છેલ્લા કેટલાક સમયથી દારૂ જુગાર ની બદી ખુલ્લેઆમ વધી રહી છે અને કાયદો વ્યવસ્થા કથળલી જોવા મળે છે તેથી હળવદ વાસીઓને માગણી છે કે તાત્કાલિક ધોરણે ટ્રાફિક સમસ્યા તેમજ કાયદો-વ્યવસ્થા અને દારૂના હાટડા બંધ કરાવે તેવી લોક માગણી ઉઠવા પામી છે.

વિદેશી દારૂ ભરેલ અશોક લેલન ડાલા સાથે એક ઈસમને પકડતી વડનગર પોલીસ

મહેસાણા પોલીસ અધિક્ષક નિલેષ જાજડીયાની બહારના રાજયમાંથી પ્રોહીબીશનનો જથ્થો લઇ આવતી ગાડીઓ ઉપર વોચ રાખી પ્રોહીબીશનની બદી નેસ્ત નાબુદ કરવા મળેલ સૂચના અંતર્ગત નાયબ પોલીસ અધિક્ષક એમ.બી. વ્યાસ નાઓના માર્ગદર્શન હેઠળ અમો બી.એમ.પટેલ પો.સ.ઇ વડનગર તથા સ્ટાફના અહેકો જયેશકુમાર માનસંગભાઇ તથા અહેકો રીતેષકુમાર વાલજીભાઇ તથા અપોકો વિજયકુમાર ઇશ્વરલાલ તથા અપોકો ચતુરજી ખુમાજીનાઓએ ચાંપા ગામના પાટીયા નજીક સધીમાતાના મંદીર આગળ રોડ ઉપર ખાનગી હકિકત આધારે અશોક લેલન Dost+ LS જી.જે.૦૧. એફટી.૮૮૫૮ પકડી જે ગાડી જોતાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની કુલ બોટલ નંગ- ૧૯૬૮ કિ.રૂ. ૧,૯૬,૮૦૦/- નો તથા ડાલુ કિ.રૂ. ૪,૨૫,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૧ કિ.રૂ. ૧૦૦૦/- એમ કુલ કિ.રૂ. ૬,૨૨,૮૦૦/- મળી આવેલ તેમજ ચાલક લોધા વિરેન્દ્ર વિનોદસિહ પ્રતાપસિહ રહે.અમદાવાદ ૩૩-૩૨ લલ્લુભાઈની પોળ, મંગળ પારેખનો ખાંચો શાહપુર ચાર રસ્તા શાહપુર અમદાવાદ નાઓ પકડાઇ જઇ ગુન્હો કરેલ હોય વડનગર પોલીસ સ્ટેશન પ્રોહીબીશન એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

ચુંટણી ટાણે બુટલેગરોને પાસામાં ધકેલવા ચાલતી કામગીરી

રાણપુરમાં બુટલેગર ભાઈઓનો આતંક ગામ લોકોમાં ભય ફેલાયો-પોલીસે અટક કરીને જામીન મુક્ત કરાયા

સ્થાનિક કક્ષાએ વ્યાપક બદી છતાં બુટલેગર સામે કડક કાર્યવાહી ન થતા સ્થાનિકોમાં નારાજગી

શાળા પરિસરમાં દારૂનુ વેચાણ

સ્થાનિક કક્ષાએ થતી ચર્ચા અનુસાર તાલુકા શાળામાં પણ આ બુટલેગરો દારૂ વેચવા જાય છે.જુગાર રમે છે તથા સરકારી દવાખાના પાસે કેબીનમાં પણ રાત્રે દારૂ વેચતા હોવાનુ જાણવા મળેલ છે.જવાબદાર તંત્ર જાગે અને ૨૫,૦૦૦ ની વસ્તીને મુઠ્ઠીભર બુટલેગરો બાનમાં ન લઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવાની જરૂર છે તેવી પણ માંગ ઉઠી છે.

બોટાદ જીલ્લાના રાણપુર ગામે બે બુટલેગર ભાઈઓએ આતંક મચાવી પોલીસને પણ પડકાર ફેકયો છે.જો કે પોલીસે બન્નેની અટક કરી હતી બાદમાં બન્નેને જામીન ઉપર મુક્ત કર્યા હતા.આ બન્ને સામે કડક કાર્યવાહી કરવા સ્થાનિકોએ માંગ કરી છે.

આ બનાવની વિગત એવી છે કે ગત મોડી રાત્રે રાણપુરના કુખ્યાત બુટલેગર ફીરોજ ઉર્ફે.ટીકડી લતીફભાઈ વડીયા.ઉ.૪૦ તથા તેનો ભાઈ ઈલિયાસ લતીફભાઈ વડીયા રાત્રે ખુલ્લી તલવારો લઈ પોલીસ સ્ટેશન ને બાનમાં લેવા પ્રયાસ કર્યો હતો.આ કુખ્યાત બુટલેગરો વર્ષોથી દારૂનો છડેચોક ધંધો કરી રહ્યાની ચર્યા છે.

આ બાબત કોઈ જાગરૂત નાગરીક દ્વારા બોટાદ ડી.એસ.પી.ને ફોન કરતા ડી.એસ.પી.એ તાત્કાલિક ડી.વાય. એસ.પી- મુંધવા, એ લ . સી . બી - પી.આઈ.ગોસ્વામી, એસ.ઓ. જી-પી.આઈ. દીવાન સહીતનો પોલીસ કાફલો બોટાદ થી રાણપુર દોડી આવ્યો હતો.જેના પગલે પોલીસે બન્ને ભાઈઓની ધરપકડ કરી ઘરની તલાશી લીધેલ છે.અને અટક કરી હતી.આ તકે એવી લોકમાંગ ઉઠી છે કે હાલ લોકસભાની ચુંટણી આવી રહી છે.અન્ય જીલ્લાઓમાં બુટલેગરોને પાસા તળે ધકેલવાની, તડીપાર કરવાની કાર્યવાહી પુરજોશમાં ચાલે છે.ત્યારે આ બન્ને બુટલેગરોને લાંબા સમય સુધી પાસામાં પુરી દેવામાં આવે અને તડીપાર કરવામાં આવે એવી લોકમાંગ ઉઠવા પામેલ છે.જો કે આ બનાવની ગંભીરતાને લઈ રાણપુર પોલીસે ફીરોજ ઉર્ફે.ટીકડી ઉપર પ્રોહી.એક્ટ કલમ ૬૬(૧)બી ૮૫(૨)૩ મુજબ તથા ઈલિયાસ લતીફભાઈ વડીયા ઉપર ૬૬(૧)બી. ૮૫(૧)૩ મુજબ ગુન્હો નોંધી ધરપકડ કરેલ છે.

નાનીવેડમાં યુવકનું અપહરણ કરી માથામાં હથોડી ઝીંકી દીધી

વોટ્સએપ પર મિત્રતા કેળવી બે જણા યુવકને કારમાં ઉઠાવી ગયા

સુરત

વોટ્સએપની મિત્રતા નાનીવેડના યુવકને ભારે પડી હતી. બે મિત્રોએ આ યુવકનું કારમાં અપહરણ કરી જઈ હથોડી માથામાં મારીને મારી નાંખવાની ધમકી આપ્યાનો બનાવ ચોક પોલીસ મથકે નોંધાયો હતો.

ચોક પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નાનીવેડ સીઝમ હાઈટ્સમાં રહેતો યશકુમાર અરવિંદ માંગુકિયાએ વોટ્સએપ ફ્રેન્ડ ડેનશિ બાલધા રહે. નારાયણ નગર, કતારગામ,જેનીશ તળાવીયા હરિકૃષ્ણ, કતારગામ વિરૂદ્ધ ઈપીકો કલમ ૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪, ૧૩૫ મુજબની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ 'હું તને બોલાવું ત્યારે કેમ આવતો નથી', તેમ જણાવી ફરિયાદીને તેના ઘર પાસે ઢીક મુક્કીનો માર મારી સ્વીફ્ટ કારમાં બેસાડી અપહરણ કરી ગયા હતા અને કારમાં હથોડી માથામાં મારી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ચોક પોલીસે ફરિયાદ નોંધી ડેનિશની ધરપકડ કરી હતી.

હળવદ ધ્રાંગધ્રા ૬૪ વિધાનસભાની બેઠક માટે કોંગ્રેસમાંથી મુરતીયા કોણ? ઠેરઠેર પૂછાતા સવાલો વચ્ચે અટકળો

સુરેન્દ્રનગર જિલ્લાની હાઈ ટોપર ગણાતિ બેઠક માટે કોંગ્રેસની હાલત મુરતિયા પસંદગીમાં અગ્નિ પરીક્ષા રૂપ બની રહી છે

હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભા ના ધારાસભ્ય પરસોતમ સાબરીયા એ રાજીનામું આપતા વિધાનસભાની પેટા ચૂંટણી આગામી ૨૩ એપ્રિલે યોજાશે આ જાહેરાત થતા જ તાલુકાના રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે વિધાનસભાના કુલ મતદારો બે લાખ છપ્ન હજાર જેટલા મતદારો છે જેમાંથી એક લાખ નેવુ હજાર જેટલા મતદારો ઓબીસી છે અને ૫૪ હજાર જેટલા પટેલ સમાજના મતદારો છે.૬૧ હજાર જેટલા કોળી મતદારો છે, ત્યારે જિલ્લાની હાઈ ટોપર ગણાતી આ બેઠક માટે ભાજપે આ બેઠક પર પક્ષપલટુ અને પેરાશુટ ઉમેદવાર પરસોતમ સાબરીયાને ટીકીટ આપી છે ત્યારે આ બેઠક કોંગ્રેસને મુરતિયા ની પસંદગી માટે અગ્નિ પરીક્ષા રૂપે બની રહી છે આ બેઠક પર જ્ઞાતિના આધારે જોવામાં આવે તો સૌથી વધુ કોળી સમાજના મતદારો છે ત્યારબાદ પટેલ સમાજના , આ બેઠક પર પાટીદાર ફેક્ટર નિર્ણાયક સાબિત થાય તો નવાઈ નહી તેવું જણાઈ રહ્યું છે આ બેઠક પર કાંટે કી ટક્કર થાય તેવા સમીકરણો સર્જાઈ રહ્યા છે હાલમાં આ બેઠક માટે કોંગ્રેસમાંથી પાસના આગેવાન ગીતા પટેલ , દીનેશભાઈ પટેલ, સનતભાઈ ડાભી, મનસુખભાઈ પટેલ, કીશોરભાઈ ચીખલીયા, હેમાંગભાઈ રાવલ ત્રિશાલ પટેલ, , ડો, કે, એમ, રાણા, તેમજ અન્ય નામો કોગ્રેસ માં ચર્ચાઈ રહ્યા છે.

હળવદ ધાંગધ્રા૬૪ વિધાનસભા બેઠક પર સૌપ્રથમવાર પેટાચૂંટણીઓ યોજાઈ રહી છે ત્યારે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે અને ટિકિટ લેવા માટે ટિકિટ વાચ્છુકોપોતપોતાના આકાના શરણે દોડી ગયા છે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે ટિકિટ માટે બનતી તાકાત કામે લગાડીને મીટીગો નો દોર શરૂ કરી દીધો છે અને એડીચોટીનું જોર લગાવી દીધું છે ત્યારે આ બેઠક કોળી સમાજ અને પટેલ સમાજ નુ વચસ્વે છે તયારે કોંગ્રેસ પક્ષ કોળી કે પટેલ સમાજના ઉમેદવારો પર પસંદગી ઉતારે તેવી શક્યતા સેવાઈ રહી છે હાલ તો કોંગ્રેસ પક્ષ માટે અગ્નિ પરીક્ષા રૂપી સાબિત થઈ રહ્યું છે હાલતો એક જ સવાલ ચર્ચાઈ રહ્યો છે કે હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભા બેઠક માં કોગેસ નો મુરતિયો કોણ? હાલ બેઠકન લઈને સમગ્ર પંથકમાં ચર્ચા ટોપ ઓફ ધી ટાઉન બની ને ચર્ચાઈ રહી છે. આ બેઠકની એક ખાસિયત છે નવા સમીકરણ મુજબ હળવદ એ મોરબી જિલ્લામાં સમાવેશ થાય છે અને ધાંગધ્રા એ સુરેન્દ્રનગર જિલ્લામાં છે આ બંને વિસ્તારમાં કુલ ૨૮૨ બુથ અને કુલ મતદારો ૨.૫૬ ,૨૦૯ લાખ જેટલા છેજેમા પુરૂષ ૧.૩૫.૮૨૪ અને મહીલા ૧.૨૦.૩૮૫ મતદારો છે બંને પક્ષોએ આ બેઠક કબજે કરવા એડીચોટીનું જોર લગાવ્યું છે. આ બેઠક પર ભાજપમાંથી ટીકીટ (કોંગ્રેસમાંથી પક્ષપલટુ) કરીને આવેલા પરસોતમ સાબરીયા ને આપી છે.જ્યારે કોંગ્રેસમાંથી ગીતા પટેલની ટિકિટ માટે હાર્દિક પટેલે પણ એડીચોટીનું જોર લગાવ્યું છે. તેથી આ બેઠક માં કોગ્રેસ માંથી મુરતીયો કોણ? તે નામ ઉપર સૌની મીટ મંડાઈ રહી છે.

હળવદ શહેર અને તાલુકામાં બાયોમેડિકલ વેસ્ટના ખુલ્લેઆમ ઢગલા

આરોગ્ય માટે ખતરનાક કચરો ઠલવતા તબીબો સામે કડક પગલા લેવા લોકોની માંગ

હળવદ શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં ડોક્ટરો દ્વારા પ્રજામાટે હાનિકારક હોય તેવા કચરાનો નિકાલ ખુલ્લેઆમ કરાય છે તો આવા ડોક્ટરો સામે કાયદેસર પગલાં લેવા લોકમાંગ ઉઠવા પામી છે .

જાણવા મળતી માહિતી મુજબ હળવદ તથા ગ્રામ્ય વિસ્તારમાં સરકાર માન્ય ડિગ્રી ધરાવતા ડોક્ટરો છે ત્યારે બોગસ ડિગ્રી તથા અન્ય ફેકલ્ટીમાં ડોકટર થયેલા તબીબો એલોપેથીક ની પ્રેક્ટિસ ગેરકાયદેસર કરે છે તદુપરાંત અમુક ડોક્ટરો પ્રસૂતિ પણ કરાવે છે જે વિશે તેનામાં આવતો નથી ,તેટલુ જ નહી હળવદ પંથકમાં ડો મુન્નાભાઈ એમબીબીએસ પણ જોવા મળે છે, આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તાર શહેરી વિસ્તારમાં બાયોમેડિકલ વેસ્ટ માટેનું રજિસ્ટ્રેશન જૂજ ડોક્ટરો જ કરાવેલ છે જયારે અમુક ડોક્ટરો બાયોમેડિકલ વેસ્ટનો પોતપોતાની રીતે નિકાલ કરતા હોય આવા તબીબો સામે તંત્ર કેમ પગલાં ભરતું નથી ?તેવો પ્રશ્ન લોકોમાં ચર્ચાઈ રહ્યો છે જે તબીબો બાયોવેસ્ટનો રજીસ્ટ્રેશન કરાવેલ છે તેઓને ત્યાં જઈને ચેકિંગના બહાને ખોટા હેરાન કરાય છે પ્રશ્ન એ થાય છે કે ડિગ્રી વગરના ડોક્ટર જે પ્રેક્ટિસ કરે છે તેમને ત્યાં દરરોજનો સેંકડો બાયોમેડિકલ વેસ્ટ થાય છે આવા તબીબો જૈવિક કચરો ખુલ્લા પ્લોટમાં તેમજ તળાવ નદી કે નાલા માં ફેંકીને પ્રદૂષણ ફેલાવે છે .આ કચરો ક્યાં જાય છે ?તેની સ્થાનિક આરોગ્ય વિભાગ દ્વારા દરકાર કરી નથી ત્યારે આવા તબીબો દ્વારા જેવી કચરાનો ખુલ્લેઆમ નિકાલ કરતા આવા તબીબો સામે આરોગ્ય ખાતા દ્વારા હળવદ પંથકમાં સઘન, તટસ્થ, તપાસ થાય તો બાયોમેડીકલ વેસ્ટનું કૌભાંડ બહાર આવે તેમ છે તેવુ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે અને તાત્કાલિક ધોરણે આવા ડોક્ટરો સામે પગલા લેવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ઘનશ્યામપુર સમસ્ત ગામ આયોજીત માનસ રામદેવ શ્રી રામદેવ ચરિત્ર કથાનુ ભવ્ય આયોજન કરાયું

રામદેવ ચરિત્ર કથાનો પ્રારંભ તા,૨૮/૩/૧૯ થી કથા પૂર્ણાહુતિ તા,૩/૪/૧૯ થશે

હળવદ તાલુકાના ઘનશ્યામપુર ગામે સમસ્ત ગામ આયોજીત શ્રી રામદેવજી ચરિત કથાનુ ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે આ કથાનું રસપાન પરમ પૂજય કોઠારી મગનીરામ બાપુ વડવાળા દેવ મંદિર મેસરીયા વાળા પોતાની આગવી સંગીતમય શૈલીમાં કથાનું અમુતપાન કરાવે છે, આ કથામાં વિવિધ પ્રસંગો ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે જેમાં સગુણાબેન નો વિવાહ રામદેવ વીરમદેવ જન્મની કથા લીલુડા ઘોડા નો પરચો



ભૈરવનો સહાર રામદેવજીની લગ્નની કથા ડાલી બાઈ નું પ્રાગ્ટય, વગેરે વિવિધ પ્રસંગો ધામધૂમપૂર્વક કથા દરમ્યાન ઉજવવામાં આવશે

હળવદ તાલુકાના ઘનશ્યામપુર ગામે ગામસમસ્ત માનસ રામદેવ શ્રી રામદેવ ચરિત કથા નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે

જેના વક્તા તરીકે પ.પૂ.શ્રી મગનીરામબાપુ કોઠારી વડવાળા મંદિર મેસરીયા ઘનશ્યામપુર ગામે ગોરલ પીર આશ્રમ ખાતે શ્રીરામદેવચરિત્ર કથાનો પ્રારંભ ૨૮/૩/૧૯ને ગુરુવારથી થયતેમજ પૂર્ણાહુતિ તા,૩/૪/૧૯ના રોજ થશે કથાનો સમય સવારે ૮/૩૦થી ૧૨ અને બપોરે ૩ થી ૫/૩૦ કથા સ્થળ ગોરલપીર આશ્રમ ઘનશ્યામપુર કથા દરમિયાન રાત્રે ભવ્ય સંત વાણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે જેમાં સૌરાષ્ટ્ર કચ્છના નામાંકિત કલાકાર ભજનીક જયમતંભાઈ દવે લોકસાહિત્યકાર હકાભા ગઢવી લોક સાહિત્યકાર દેવાયતભાઈખવડ સહિતના અનેક કલાકારો તારીખ ૩૧ ૩ ૨૦૧૯ ના રવિવારના રાત્રે લોકડાયરામાં ઉપસ્થિત કલાકારો કલારસ પીરસશે તેમજતા૧/૪/ અને ૨/૪ એમ બે દિવસ ઘનશ્યામપુર ગામનું પ્રખ્યાત રામામંડળ આખ્યાન રજૂ કરશે આ ધર્મ કથાના કાર્યક્રમને સફળ બનાવવા માટે સમસ્ત ઘનશ્યામપુર ગામના લોકો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

નીતિન પટેલ મહેસાણાથી ચૂંટણી નહીં લડે: સીએમ રૂપાણી

ગાંધીનગર

શનિવારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં ઉમેદવારી પત્ર ભર્યું. સમગ્ર ગુજરાતમાં ઉત્સાહ હતો. શનિવારે હજારો કાર્યકર્તા રોડ શો દ્વારા ફોર્મ ભરવા ગયા. ગાંધીનગરમાં રાષ્ટ્રીય નેતાઓની હાજરીમાં શનિવારે નામાંકન ભર્યા. ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા. તેમણે મીડિયા સાથે વાત કરતા ભાજપનો જંગી બહુમત સાથે વિજય થવાના અંધાણ પણ આપ્યા હતા. સાથે સાથે ઉપ મુખ્યમંત્રી નીતિન પટેલની મહેસાણા બેઠક ઉપરથી લોકસભાની ચૂંટણી લડવાની વાતને પણ નકારી કાઢી હતી.

નીતિનભાઈ પટેલને મહેસાણા બેઠક ઉપરથી લોકસભાની ચૂંટણી લડવા અંગેના પ્રશ્ન ઉપર રૂપાણીએ જણાવ્યું હતું કે, આ વાતમાં કોઈ દમ નથી. નીતિનભાઈ મહેસાણાથી ચૂંટણી લડે એવી કોઈજ વાત નથી.

આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, અમિત શાહની ગાંધીનગરમાં ઉમેદવારી આખા ગુજરાતમાં નવી પ્રણાલી ઊભી કરી છે. ગુજરાતની ૨૬ બેઠકો ઉપર મોટી અસર છે. અને ભારતીય જનતા પાર્ટી ભારે બહુમતીથી ૨૬ બેઠકો ઉપર જીતશે તેવી અમને પૂર્ણ શ્રદ્ધા છે. ચૂંટણીના દિવસોમાં જ્યારે ઉમેદવારી પત્ર ભરાતું હોય. મોટી તાકાત સાથે જો ઉમેદવારી પત્ર ભરવામાં પણ આટલો બધો ઉત્સાહ જોવા મળતો હોય તો. આગળ શું થશે એ કોંગ્રેસે વિચારવું પડશે.

પહેલા દિવસે આટલો ઉત્સાહ એજ દેખાડે છે કે લોકો નક્કી કરીને બેઠા છે કે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા માટે દેશની જનતા થનગની રહી છે.

મોદી કે શાહ વચ્ચેની લીડ અંગે પૂછાયેલા પ્રશ્ન અંગે સીએમ રૂપાણીએ જણાવ્યું હતું કે, આ વખતે રેકોર્ડો તૂટવાના છે. ગાંધીનગરમાં ઉત્સાહ છે તો વારાણસીમાં પણ લોકોમાં એટલો જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ વખતે હેલ્થી કોમ્પિટિશન થવા જઇ રહી છે.

સેલરી નહીં મળતા જેટ એરવેઝના ૨૦૦ પાઇલટ્સ એક એપ્રિલથી હડતાલ પર

ન્યુ દિલ્હી

નાણાકીય સંકટનો સામનો કરી રહેલી જેટ એરવેઝ કંપનીના આશરે ૨૦૦ જેટલા પાઇલટ્સ ૧ એપ્રિલથી હડતાલ પર ઉતરવાના છે. જેટ એરવેઝના પાઇલટ્સને છેલ્લા કેટલાક મહિનાઓથી પગાર મળ્યો નથી જેના કારણે તેઓએ ૧ એપ્રિલથી હડતાલ પર ઉતરવાનો નિર્ણય કર્યો છે. પાઇલટ્સ તરફથી કંપનીના સીઈઓ વિનય દુબેને પત્ર લખીને જણાવ્યુ કે, તેઓ ૧ એપ્રિલથી હડતાલ પર ઉતરવાના છે તેમજ કંપની વિરુદ્ધ કાયદાકીય પગલા ભરવાની ચેતવણી આપી.

પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, એસબીઆઈ દ્વારા પાઇલટ્સની સેલરી ૨૯ માર્ચ સુધી થઈ જશે તેવા વાયદાઓ કરવામાં આવ્યા હતા. પરંતુ દુર્ભાગ્યવશ જણાવવું પડે છે કે હજી સુધી અમારા ખાતામાં સેલરી જમા નથી થઈ. તેમજ મેનેજમેન્ટ તરફથી પણ હજી સુધી અમને કોઈ જાણકારી આપવામાં આવી નથી. તેથી દિલ્હી અને મુંબઈના પાઇલટ્સે ૧ એપ્રિલથી હડતાલ પર ઉતરવાનો નિર્ણય કર્યો છે. એસબીઆઈની આગેવાનીમાં નાણાકીય સંકટ સામે ઝઝૂમી રહેલી જેટ એરવેઝ કંપનીના કર્માચારીઓને ઘણા સમયથી પોતાની સેલરી નથી મળી રહી. આ માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ચર્ચા-વિચારણા કરીને એક યોજના બનાવી છે. ઈંધણના ભાવમાં વધારો અને ભારે સ્પર્ધાને કારણે જેટ એરવેઝ છેલ્લા છ મહિનાથી નાણાકીય સંકટ સામે લડી રહી છે. કંપનીએ એરપોર્ટ સંચાલકો તેમજ તેલ કંપનીઓના બીલ ચૂકવવવામાં પણ મોડું કર્યું છે.

પ્રાથમિક તપાસમાં કારમાં સિલિન્ડર બ્લાસ્ટનું અનુમાન,મોટી જાનહાનિ ટળી

શ્રીનગર હાઈ-વે પર કારમાં બ્લાસ્ટ: CRPF જવાનોના કાફલાનો બચાવ



સીઆરપીએફની બસને સામાન્ય નુકસાન,કારનો ડ્રાઇવર ફરાર

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગર હાઈવે પાસે એક કારમાં વિસ્ફોટ થયો છે. વિસ્ફોટમાં કોઈ જાનહાનિ થઈ નથી. આ વિસ્ફોટ જે સેન્ટ્રો કારમાં થયો તેની પાસેથીજ સુરક્ષા દળનો કાફલો પસાર થઈ રહ્યો હતો. આ કાફલામાં ઝઈઁહ્લની ૬-૭ બસો હતી અને આશરે ૪૦ જવાનો હતા. હાલ આ કાફલો રવાના થઈ ચુક્યો છે. આ અંગેની તપાસ શરૂ કરવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓએ થોડા દિવસ પહેલા જ એલર્ટ આપ્યું હતું.

CRPFનાં સૂત્રોનાં કહ્યાં પ્રમાણે, પ્રાથમિક તપાસમાં મામલો કારમાં સિલિન્ડર બ્લાસ્ટનો લાગી રહ્યો હતો. જેનાથી કારનું ભરથુ થઈ ગયુ છે. આ કારનો માલિક પણ ગાયબ છે. સીઆરપીએફનો કાફલો આ ગાડીથી ઘણો દુર હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે દુર રહેલી સીઆરપીએફની એક બસને પણ સામાન્ય નુકસાન થયું છે. આ વિસ્ફોટમાં સીઆરપીએફના જવાન કે કોઈ પણ સામાન્ય નાગરિકને નુકસાન થયું નથી. પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે.

CRPFના જવાનોનો કાફલો જ્યારે અહીંથી પસાર થઈ રહ્યો હતો. જેવો જ સીઆરપીએફનો કાફલો નજીક આવ્યો તેવી જ આ કાર બસ સાથે અથડાઈ અને જોરદાર વિસ્ફોટ થયો હતો. જેનાથી કાફલાની એક બસને સામાન્ય નુકસાન થયું હતું. જેમા બસના કાચ તૂટ્યા હતા.

ઓલા શરુ કરશે 'સેલ્ફ-ડ્રાઇવ' સર્વિસ, ૫૦ કરોડ ડોલરનું રોકાણ

ન્યુ દિલ્હી

દેશમાં ટેક્સી સર્વિસ પુરી પાડતી ઓલા (OLA) ટ્રાન્સપોર્ટ સોલ્યુશન્સ પોર્ટફોલિયો વિસ્તૃત બનાવવાની યોજના ધરાવે છે. ઓલા દેશમાં 'સેલ્ફ ડ્રાઇવ' સર્વિસ શરૂ કરવા ૫૦ કરોડ ડોલરનું રોકાણ કરશે. મળતી માહિતી મુજબ, કંપનીને ડેટ અને ઇક્વિટીના મિશ્રણ દ્વારા આ ભંડોળ મળશે. જેનો ઉપયોગ લક્ઝરી સેડાન્સ, એસયુવી સહિત લગભગ ૧૦,૦૦૦ વાહનો ખરીદવા માટે કરવામાં આવશે.

ઓલાના પ્રતિનિધીએ 'સેલ્ફ-ડ્રાઇવ' સર્વિસ શરૂ કરવાની વાતને સમર્થન આપતા કહ્યું કે, "બજારની ફીડબેકના આધારે અમે પસંદગીના શહેરોમાં રેન્ટલ, સબસ્ક્રિપ્શન અને કોર્પોરેટ લીઝિંગ સહિતના વિવિધ ફોર્મેટ્સમાં પાઇલટ પ્રોજેક્ટ્સ શરૂ કરીશું." ઓલાએ અત્યાર સુધી વિશ્વના મોટા રોકાણકારો પાસેથી મળેલી ઇક્વિટી મૂડી પર આધાર રાખ્યો છે. જેમાં જાપાનની સોફ્ટબેંક અને અમેરિકન ઇન્વેસ્ટમેન્ટ ફર્મ ટાઇગર ગ્લોબલનો સમાવેશ થાય છે. ફેબ્રુઆરીમાં યોજાયેલા ફન્ડિંગ રાઉન્ડમાં ઓલાનું વેલ્યુએશન લગભગ છ અબજ ડોલર થયું હતું. કંપનીએ અત્યાર સુધીમાં કુલ ૩.૬૭ અબજ ડોલરનું ભંડોળ એકત્ર કર્યું છે.

માહિતી મુજબ, "ઓલા બિઝનેસને જરૂરી ભંડોળ પૂરું પાડવા ઓલા ફ્લીટ કંપની દ્વારા ઋણ એકત્ર કરશે." ઉલ્લેખનીય છે કે, ઓલા સહિતના સ્ટાર્ટ-અપ્સે વિદેશી રોકાણકારો પાસેથી મોટા પ્રમાણમાં ભંડોળ એકત્ર કર્યું છે. ઓલાએ ચાલુ મહિને હ્યુંડાઈ મોટર્સ અને કિયા મોટર્સ પાસેથી ૩૦ કરોડ ડોલર એકત્ર કર્યા હોવાની જાહેરાત કરી હતી.

માત્ર મૂર્ખ સરકાર જ ડિફેન્સ સિક્રેટનો ખુલાસો કરે છે: પી.ચિદમ્બરમ્

ન્યુ દિલ્હી

કોંગ્રેસના સિનિયર નેતા અને પૂર્વ નાણા મંત્રી પી. ચિદંબરમે મિશન શક્તિને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એલાનની આકરા શબ્દોમાં ટીકા કરી છે. મોદી સરકારને મૂર્ખ કરાર કરતાં ચિદંબરમે કહ્યું કે માત્ર મૂર્ખ સરકાર જ ડિફેન્સ સિક્રેટનો ખુલાસો કરે છે. કારણ કે, એક સક્ષમ અને સમજ ધરાવતી સરકાર ક્યારેય નથી ઈચ્છતી કે તેના ડિફેન્સ સિક્રેટ સૌની સામે આવે. પૂર્વ કેન્દ્રીય મંત્રીએ શનિવારે ટ્વિટર દ્વારા આ વાત કહી. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન મોદીએ બુધવારે એલાન કર્યું કે ભારતે અંતરિક્ષમાં એન્ટી સેટેલાઇટ મિસાઇલથી એક લાઇવ સેટેલાઇટને હિટ કરતાં પોતાનું નામ અંતરિક્ષ મહાશક્તિ તરીકે નોંધાવી દીધું છે. આ રીતે ભારત એવી ક્ષમતા ધરાવતો દુનિયાનો ચોથો દેશ બની ગયો છે. આ પહેલા અમેરિકા, રશિયા અને ચીનની પાસે આવી ક્ષમતા હતી. ચિદંબરમે ટ્વિટ કરીને કહ્યું કે, ઇલેક્શન કેમ્પનની વચ્ચે આવી ઘોષણા કેમ કરવામાં આવી? એવું કરીને પીએમે બીજેપી માટે રાજકીય માહોલ બનાવવાનો પ્રયાસ કર્યો.

ચોકિદાર ચોર નહીં પણ પ્યોર હૈ,દોબારા પ્રધાનમંત્રી બનતા શ્યોર હૈ': રાજનાથ સિંહ

અમદાવાદ

અમિત શાહની રેલીમાં આવેલા રાજનાથ સિંહે સંબોધન કરતા કહ્યું હતું કે, હું ગુજરાતનો મતદાતા છું પણ જ્યારે અમિત શાહ જ્યારે ઉમેદવારી દાખલ કરે છે ત્યારે હું હાજર થયો. ૨૦૧૪માં ચૂંટણી થઈ હતી ત્યારે રાષ્ટ્રીય અધ્યક્ષ હું હતો અને ભારતીય જનતા પાર્ટીને બહુમત મળ્યો હતો. તેમણે અમિત શાહને લાલ કૃષ્ણ અડવાણીના ઉતરાધિકારી ગણાવતા કહ્યું હતું કે, આજના અવસર પર હું એ જ શુભકામનાઓ આપવા માટે આવ્યો છું. અહીંથી લાલ અડવાણી ચૂંટણી લડતા આવ્યા છે અને તેમના ઉતરાધિકારી તરીકે સંભાળવા જઈ રહ્યા છે. અહીંની જનતા રેકોર્ડ મતદાન કરશે જેથી અમિત શાહ સંસદમાં પહોંચે. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વખાણ કરતા કહ્યું હતું કે, આઝાદ ભારતના ઈતિહાસમાં કોઈ પ્રધાનમંત્રીએ કરિશ્માઈ કામ કર્યું છે તો તે પ્રધાનમંત્રીનું નામ નરેન્દ્ર મોદી છે.

પાકિસ્તાન તેની જમીન પર પાળતા આતંકી સંગઠનો સામે કડક કાર્યવાહી કરે

વૉશિંગ્ટન

આતંકવાદી પ્રવૃત્તિઓને સતત પ્રોત્સાહન આપી રહેલા પાકિસ્તાનને અમેરિકાએ ફરી કડક શબ્દોમાં સંદેશો આપ્યો છે કે તેઓ તરત જ તેની સામે કોઈ કાર્યવાહી કરે. એટલું જ નહીં, આતંકવાદ વિરુદ્ધ કાર્યવાહી કરી રહેલા ભારતના કાર્યની અમેરિકાએ પ્રશંસા કરી અને કહ્યું કે તેઓ અમારી સાથે મજબૂતી સાથે ઉભા છે. અમેરિકાએ ફરી વારંવાર કહ્યું કે આતંકવાદી સંગઠનો અથવા કોઈપણ આતંકી વિરુદ્ધ કાર્યવાહીમાં તેઓ ભારત સાથે છે.

ભારત અને અમેરિકા વચ્ચે આ વાત કાઉન્ટર ટેરરીઝમ જોઇન્ટ ગ્રુપની એક બેઠકમાં થઈ હતી. બંને બાજુના અધિકારીઓ વચ્ચે આ મીટિંગ ૨૯ માર્ચે વોશિંગ્ટનમાં થઇ હતી. આ તે ગ્રુપની છઠ્ઠી બેઠક હતી. તેમાં ભારતીય ટીમનું નેતૃત્વ વિદેશ મંત્રાલયના જોઇન્ટ સેક્રેટરી મહાવીર સિંઘવીએ કર્યું હતું. બેઠક પછી નિવેદનમાં કહેવામાં આવ્યું કે ભારત અને અમેરિકા બંને દેશોનું માનવું છે કે પાકિસ્તાન આતંકવાદીઓ અને આતંકવાદી સંગઠનોને રોકવા માટે નક્કર, અપરિવર્તનીય અને વિશ્વાસપાત્ર પગલાં લે. ભારત જે રીતે કાઉન્ટર ટેરરીઝમની સામે પગલાં ઉઠાવી રહ્યું છે તે ચોક્કસ પ્રશંસનીય છે.બેઠકમાં કયા આતંકવાદી સંગઠનોનો ઉલ્લેખ થયો છે તે હજુ જાણી શકાયું નથી. પરંતુ તેમાં મસૂદ અઝહર અને તેના આતંકી સંગઠન જૈશ એ મોહમ્મદનું નામ પણ સામેલ હોઈ શકે છે. વાસ્તવમાં, ભારત મસૂદને વૈશ્વિક આતંકી ઘોષિત કરવાની માંગ કરી રહ્યું છે પરંતુ ચીન દ્વારા વારંવાર તેમાં વિરોધ મુકવામાં આવે છે. પરંતુ હવે અમેરિકા સાથે ફ્રાન્સ, જર્મની જેવા દેશો પણ ભારતની સાથે છે અને મસૂદને વૈશ્વિક સ્તર પર બ્લેકલિસ્ટ કરવા માટે પ્રયાસો કરી રહ્યા છે. પાકિસ્તાન પર પુલવામામાં થયેલા આતંકવાદી હુમલા પછી દબાણ વધ્યુ છે.

કારની સંખ્યા નિયંત્રિત કરવા હમ દો હમારે દો જેવા કેમ્પેઇનની જરૂર

કારની સંખ્યા મર્યાદિત કરવા કુટુંબ નિયોજન જેવી યોજના અપનાવાય: સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી

દિલ્હી એનસીઆરમાં વાહનોની વધતી જતી સંખ્યાને લઇને સુપ્રીમ કોર્ટે ગંભીર ચિંતા વ્યકત કરી છે. સુપ્રીમ કોર્ટે કારની સંખ્યા અને પ્રદૂષણને ધ્યાનમાં રાખીને જણાવ્યું હતું કે કુટુંબ નિયોજનની જેમ ગાડીઓ માટે પણ આવો કોઇ પ્લાન લાવવાની જરૂર છે.

દિલ્હી અને એનસીઆરમાં કારની સંખ્યા એક કરોડને પાર થઇ ગઇ છે. દર વર્ષે કારની સંખ્યામાં સાત લાખનો વધારો થઇ રહ્યો છે. તેના પર ચિંતા વ્યકત કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે કારની સંખ્યા નિયંત્રિત અને નિર્ધારિત કરવા માટે કુટુંબ નિયોજનની 'હમ દો હમારે દો' જેવી કોઇ કેમ્પેઇનની જરૂર છે. તેનાથી પાટનગરમાં વસતા લોકો પર અમર્યાદિત વાહનો ખરીદવાની પ્રવૃત્તિ પર રોક લાગશે. ન્યાયમૂર્તિ અરુણ મિશ્રા અને ન્યાયમૂર્તિ દીપક ગુપ્તા દ્વારા દિલ્હીના લોકો પર મોટી સંખ્યામાં કરવામાં આવતી ગાડીઓની ખરીદી પર ગંભીર ચિંતા વ્યકત કરવામાં આવી છે. ગાડીઓની વધતી જતી સંખ્યાને કારણે ગીચ ટ્રાફિક અને પ્રદૂષણને લઇને સુપ્રીમ કોર્ટ ચિંતિત છે.

સુપ્રીમ કોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે દિલ્હીને રહેવા લાયક સ્થળ બનાવવા માટે કારની સંખ્યા ઘટાડવી અનિવાર્ય છે. સુપ્રીમ કોર્ટે પાર્કિંગની સમસ્યાને લઇને થતા ઝઘડા પર પણ ટિપ્પણી કરી હતી. બે જજોની બેન્ચે જણાવ્યું હતું કે એવો પરિવાર કે જેમાં કમાનાર સભ્યોની સંખ્યા બે કે તેથી વધુ હોય ત્યાં એકથી વધુ સંખ્યામાં કાર રાખવા સામે વાંધો હોઇ શકે નહીં, પરંતુ આજ કાલ એક એવો ટ્રેન્ડ ચાલી રહ્યો છે કે જ્યારે એક જ વ્યકિત પાસે પાંચથી વધુ કાર હોય છે. પાર્કિંગને લઇને પડોશીઓ સાથે તેમને સતત ઝઘડા થતા રહે છે.





તંત્રી સ્થાનેથી...

પોલીસ સામે પડકાર છે

દેશના કોઇ પણ વિસ્તારમાં સામાન્ય લોકોની અંદર પોલીસની છાપ સારી રહી નથી. આવી સ્થિતીમાં પોતાની તમામ કુશળતા હોવા છતાં ખરાબ રહેલી છાપને સુધારવા માટે પોલીસમાં પણ યોગ્ય પગલા લેવાની જરૂર છે. પોલીસની વર્દી પહેરનારને આ બાબતને લઇને ગર્વ થવુ જોઇએ કે તે કાયદાના રક્ષક તરીકે છે અને તેની હાજરી સામાન્ય વ્યક્તિને સુરક્ષાની યાદ અપાવે છે. પરંતુ આજે સ્થિતી બિલકુલ બદલાયેલી દેખાઇ રહી છે. આજની સ્થિતી દર્શાવે છે કે પોલીસવાળાને પોતાની વર્દી પર અથવા તો યુનિફોર્મ પર ગર્વ નહીં રૌબ હોય છે. આ રૌ તેને ભ્રષ્ટ બનાવી દે છે. તે લોકોને હેરાન પરેશાન કરે છે. સાથે સાથે પોતાના ખિસ્સા ભરે છે. શાસન તંત્રમાં ભ્રષ્ટ લોકોની સામે ઉદાસીનતા કેટલી હદ સુધી છે તે બાબત વારંવાર સાબિત થતી રહી છે. સાથે સાથે ભ્રષ્ટાચારી લોકોના અવાજ કેટલા બુલંદ રહેલા છે તે બાબત પણ સાબિત થતી રહી છે. હકીકતમાં એશ ઓ આરામની લઇફ જીવવા માટેની લાલચા ભ્રષ્ટાચાર અને લંચની જડ તરીકે રહેલી છે. લાંચ ખોટા કામ કરવા માટે જ માંગવામાં આવતી નથી. બલ્કે સારા કામ માટે પણ વ્યક્તિને લાલચ આપવામાં આવે છે. તેને સારા કામ કઢાવી લેવા માટે પણ લાંચ આપવી પડે છે. પરંતુ તેને સામાજિક દુરાચાર તરીકે ગણી શકાય નહી. કારણ કે નૈતિક અને આસ્થાના મુલ્યો સમાજમાં ગગડી રહ્યા છે. પોલીસવાળા પણ ભારતીય સમાજના હિસ્સા તરીકે છે. અમે રોજ નિહાળીએ છીએ કે પોલીસ પર દબાણ લાવવા માટે લોકો નેતાઓ પાસે જાય છે. નેતા પણ વોટ બેંક માટે પોલીસ પર દબાણ લાવે છે. વોટબેંકની આ રાજનીતિના કારણે તમામ સંસ્થાઓ ભ્રષ્ટાચારી બની ગઇ છે. પોલીસ તેમાંમ કોઇ અપવાદરૂપ નથી. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં લાંચ માંગનાર સરકારી કર્મચારીઓમાં ૩૦ ટકા ભાગીદારી પોલીસ તંત્રની રહેલી છે. પ્રાથમિક કેસ દાખલ કરવા, આરોપીની સામે મામલો દાખલ કરવામં ઉદાસીનતા રાખવા અને અન્ય રીતે પોલીસ પર લાંચના આરોપ મુકવામાં આવે છે. એવુ નથી કે આને રોકવા માટે પ્રયાસ થઇ રહ્યા નથી. વર્ષ ૧૯૮૦માં પહેલા રાષ્ટ્રીય પોલીસ આયોગની રચના કરવામાં આવી હતી. ત્યારબાદ અનેક કમિટીઓની રચના કરવામા આવી હતી. વર્ષ ૧૯૯૮માં જુલિયો રિબેરોની આગેવાનીમાં એક કમિટી બની હતી. પોલીસ કાયદામાં સુધારા પણ કરવામાં આવ્યા છે. આ પણ સાચી હકીકત છે કે ભાજપ અને કોંગ્રેસના નેતૃત્વમાં સરકારોએ વાતો તો મોટી મોટી કરી છે પરંતુ મુળભુત સુધારા માટે કોઇ પગલા લેવામાં આવ્યા નથી. આના કારણે પોલીસ તંત્રમાં રહેલા ભ્રષ્ટ લોકોના ઇરાદા મજબુત થયા છે.પોલીસની છાપ ભ્રષ્ટ, અસંવેદનશીલ અને અસક્ષમ તરીકેની છે. જો કે તેમાં કેટલાક કુશળ અને ઇમાનદાર અધિકારી પણછે. લોકોમાં પોલીસની છાપ સુધારી દેવા વિવિધ પગલા વર્ષોથી લેવામાં આવી રહ્યા છે છતાં સ્થિતીમાં કોઇ સુધારો થઇ રહ્યો નથી. કેટલાક ભ્રષ્ટ ઓફિસરના કારણે પોલીસની છાપ વધુ ખરાબ થાય છે. સામાન્ય રીતે પોલીસમાં પણ એવા ઓફિસર છે જેમને જોઇને ગર્વ થઇ શકે છે.

પોલીસમાં કેટલાક કુશળ અને ઇમાનદાર પોલીસ કર્મી હોવા છતાં છાપ ખરાબ રહી

લોકસભા ચૂંટણી : ભાજપ ૪૨ પૈકી ૨૩ સીટો જીતવા તૈયારીમાં...

બંગાળમાં મમતાના ગઢમાં ગાબડા પડશે



ડાબેરીઓ બાદ હવે પશ્ચિમ બંગાળમાં મમતાની પાર્ટી ટીએમસીની હાલત પણ કફોડી બનશે : ભારતીય જનતા પાર્ટીની મજબુત એન્ટ્રી થઇ

છેલ્લી લોકસભા ચૂંટણીમાં જ્યારે મોદી લહેર હતી ત્યારે ભાજપ અને એનડીએના ઘટક પક્ષોએ લોકસભામાં પ્રચંડ બહુમતિ હાંસલ કરી હતી. એ વખતે પણ ભાજપે પશ્ચિમ બંગાળમાં ૪૨ લોકસભા સીટ પૈકી માત્ર બે સીટો જીતી હતી. આ વર્ષ ૨૦૦૯ના આંકડા કરતા માત્ર એક સીટ વધારે હતી. એ વખતે ભાજપે દાર્જિલિંગમાં જીત હાંસલ કરી હતી. પરંતુ ભાજપની અસલી સફળતા સીટો નહીં બલ્કે વોટ શેયર છે. વર્ષ ૨૦૦૯માં પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીની મત હિસ્સેદારી જ્યાં ૬.૧ ટકા હતી જ્યારે ૨૦૧૪માં આ મત હિસ્સેદારી વધીને ૧૬.૮ ટકા થઇ ગઇ હતી. હવે પાંચ વર્ષો બાદ ભારતીય જનતા પાર્ટી બંગાળને એવા રાજ્યોમાં ગણી રહી છે જ્યાં તેને વધારે ફાયદો થનાર છે. ઉત્તર બંગાળના અલીપુરદુઆરમાં શુક્રવારના દિવસે એક રેલીને સંબોધતા અધ્યક્ષ અમિત શાહે કહ્યુ હતુ કે તેમની પાર્ટી બંગાળની ૪૨ સીટો પૈકી ૨૩ સીટો પર જીત મેળવી લેશે. બીજી બાજુ દેશભરમાં ભાજપ વિરોધી ચહેરા તરીકે રહેલી મમતાની પાર્ટી ટીએમસી દ્વારા પણ તમામ ૪૨ સીટો જીતવા માટે દાવો કર્યો છે. આમાં કોઇ શંકા નથી કે ભારતીય જનતા પાર્ટી હવે બંગાળમાં એક વધતી જતી તાકાત છે. વર્ષ ૨૦૧૬ વિધાનસભા ચૂંટણીમાં તેની મત હિસ્સેદારી ૧૦.૩ ટકા હતી. જે કોંગ્રેસના ૧૨.૪ ટકાની આસપાસ છે. વિધાનસભા સીટોની દ્રષ્ટિએ પાર્ટીએ ૨૯૪ સીટો પૈકી માત્ર ત્રણ સીટો પર જીત મેળવી શકી હતી. જો કે ૨૦૧૧ની તુલનામાં તેના માટે સ્થિતી ખુબ સારી હતી. જે પાર્ટી કોઇ રાજ્યમાં ઘુસવા માટેના પ્રયાસમાં હોય તેવી પાર્ટી માટે આ સફળતા સારી કહી શકાય છે. વર્ષ ૨૦૧૧માં ભારતીય જનતા પાર્ટીનુ ખાતુ ખોલાયુ ન હતુ. સાથે સાથે મ હિસ્સેદારી પણ ચાર ટકા રહી હતી. પ્રદેશમાં જે રીતે ભારતીય જનતા પાર્ટી આગળ વધી છે તેના કારણે સૌથી વધારે નુકસાન ડાબેરીઓને થયુ છે. કોઇ સમય બંગાળમાં ડાબેરી ત્રણ દશક સુધી શાસનમાં રહ્યા હતા. વર્ષ ૨૦૧૪ લોકસભા ચૂંટણી અને વર્ષ ૨૦૧૬ લોસભા ચૂંટણીમાં સીપીએમ મત હિસ્સેદારી ૧૦ટકા અથવા તો વધારે ઘટી ગઇ હતી. ત્યારબાદની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના દેખાવમાં વધારે સુધારો થયો હતો. નિગમ ચૂંટણીમાં દુર્ગાપુર અને નાદિયા જેવા વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટી બીજા સ્થાને રહી હતી. વર્ષ ૨૦૧૮માં ભારતીય જનતા પાર્ટી ટીએમસીની ખાસ હરિફ પાર્ટી બની ગઇ હતી. બંગાળમાં કોંગ્રેસ અને ડાબેરીના સંયુક્ત દેખાવ કરતા પણ ભાજપનો દેખાવ હવે સારો રહ્યો છે. ચૂંટણી દર ચૂંટણી ભારતીય જનતા પાર્ટી તેના દેખાવને સુધારી રહી છે. કોંગ્રેસ અને ડાબેરીને પછાડી રહી છે. જો કે તેની સામે અસલી કસોટી ટીએમસી છે. ટીએમસીએ વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં આશરે ૪૦ ટકા મત પર કબજો જમાવ્યો હતો. બે વર્ષ બાદ વર્ષ ૨૦૧૬માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં તેની મત હિસ્સેદારી ૪૫.૩ ટકા થઇ હતી. બંને ચૂંટણીમાં ટીએમસીએ તેની મત હિસ્સેદારીને વધારી હતી. સાથે સાથે બંગાળમાં પ્રભુત્વ જમાવ્યુ હતુ. હાલમાં બંગાળની ૪૨ લોકસભા સીટ પૈકી ટીએમસીની પાસે ૩૪ સીટો છે. આવી જ રીતે વિધાનસભાની ૨૯૪ સીટો છે જે પૈકી તેની પાસે ૨૧૧ સીટો છે. ભારતીય જનતા પાર્ટી હવે અમિત શાહ અને નરેન્દ્ર મોદીના કારણે બંગાળમાં મજબુતી સાથે આગળ વધી રહી છે. વર્ષ ૨૦૧૪ બાદ બંગાળમાં કમ સે કમ ૧૦ જગ્યાએ કોમી હિંસા થઇ ચુકી છે. કેટલાક વિસ્તારમાં મમતાની સામે લોકોમાં નારાજગી વધી રહી છે. ુચ બિહાર, ઉલુબેરિયા લોકસભા સીટ પર પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને જોરદાર ફાયદો થયો હતો. ભારતીય જનતા પાર્ટી જે સીટો પર જોરદાર દેખાવની અપેક્ષા રાખી રહી છે તેમાં કુચ બિહાર, રાયગંજ, બાલુરઘાટ, માલદા, કૃષ્ણાનગર, રાનાઘાટ, પુરુલિયા, આસનસોલ, હાવડા, બૈરપુર અને બોનગાવનો સમાવેશ થાય છે. સાથે સાથે ભારતીય જનતા પાર્ટીએ તેની સ્થિતી મજબુત કરવા તમામ તાકાત લગાવી રહી છે. ટીએમસીના સ્તરની સંગઠન ક્ષમતા હાંસલ કરવા માટે દિન રાત એક કરી રહી છે. ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ અને ડાબેરીઓના મત બેંકને ખતમ કરવામાં સફળતા હાંસલ કરી છે. જો કે ટીએમસીના મત હિસ્સામાં હજુ સુધી ગાડબા પાડ્યા નથી.

ભારત પ્રત્યે ખતરનાક ઇરાદા જાહેર થયા બાદ ચીન મુશ્કેલીમાં...

મસુદના મામલે ચીન ખુલ્લુ પડી ગયુ

અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, રશિયા સહિતના દેશો ભારતની સાથે આવતા ચીનની પ્રતિષ્ઠાને મોટો ફટકો : અમેરિકા ચીન માટે મુશ્કેલી સર્જશે


જેશે મોમ્મદના લીડર મસુદ અઝહરને વૈશ્વિક ત્રાસવાદી જાહેર કરવાના મામલામાં ચીને અડચણો ઉભી કર્યા બાદ તેની મુશ્કેલી વૈશ્વિક મંચ પર સતત વધી રહી છે. દુનિયાના દેશો તેની સામે નારાજગી સાથ આગળ આવી રહ્યા છે. ચીન દ્વારા હાલમાં જે પ્રકારનુ વલણ અપનાવવામાં આવ્યુ છે તેના કારણે તે વિશ્વ સમક્ષ ખુલ્લુ પડી ગયુ છે. સમગ્ર દુનિયા જ્યારે ત્રાસવાદ પર અંકુશ મુકવાની દિશામાં આગળ વધી રહી છે અને પગલા લઇ રહી છે ત્યારે પાકિસ્તાન અને ચીન દ્વારા અપનાવવામાં આવી રહેલા વલણના કારણે તેમની હાલત વધુ ખરાબ થઇ છે. તેમની સ્થિતી આગામી દિવસોમાં વધારે ખરાબ થઇ શકે છે. ચીન દ્વારા ત્રાસવાદીઓના બચાવમાં ઉતરવાની બાબત તેમને મુશ્કેલીમાં મુકે છે. પાકિસ્તાન પોતે પણ હવે ઇચ્છતુ નથી કે મસુદના મામલ ચીનનુ વલણ આવુ જ રહે. કારણ કે પાકિસ્તાન વધુ મુશ્કેલીમાં ત્રાસવાદ અને આર્થિક મામલે મુકાઇ રહ્યુ છે. ભારત પર દ્વિપક્ષીય મંત્રણા કરવા માટે ચીન દબાણ લાવીને પીછેહટ કરે તેમ પાકિસ્તાન આજે ઇચ્છે છે. હકીકતમાં આ પ્રથમ વખત આવુ બન્યુ નથી જ્યારે ચીને ત્રાસવાદ અને મસુદના મામલે આ પ્રકારનુ વલણ અપનાવ્યુ છે. ચીને ભારતની આતંકવાદ વિરોધી ઝુંબેશને રોકવાના પ્રયાસ હમેંશાથી કર્યા છે. ચીન હવે ભારતનો વિરોધ કરતા કરતા વિશ્વની સામે પોતે કમજોર દેખાઇ રહ્યુ છે. ચીનને બે સમાહની અંદર પોતાના વિરોધ માટેના કારણ અંગે જવાબ આપવા માટે કહેવામાં આવ્યુ છે. તેનો આ સમય આ સમાહના ગાળામાં જ પૂર્ણ થનાર છે. તેના દ્વારા હજુ સુધી કોઇ કારણો આપવામાં આવ્યા નથી. જો ચીન કોઇ નક્કર કારણ આપવામાં સફળ રહેતુ નથી તો તેનો વિરોધ પ્રસ્તાવ જાતેજ પડી જશે. અમેરિકાએ જોરદાર લાલ આંખ કરી છે. જેના કારણે ચીન હવે મુશ્કેલીમાં છે. અમેરિકાએ જે સંકેત આપ્યા છે તેનાથી લાગે છે કે ત્રાસવાદ સામેની ભારતની લડાઇ વધારે તીવ્ર બનીને આગળ વધનાર છે. અમેરિકાના વિદેશ પ્રધાન માઇક પોમ્પિયોએ સાફ શબ્દોમાં કહ્યુ છે કે ચીન એકબાજુ પોતે મુસ્લિમોનુ શોષણ કરે છે. બીજી બાજુ ત્રાસવાદને પ્રોત્સાહન આપનારને મુસ્મ તરીકે ગણાવીને તેને બચાવી લેવાના પ્રયાસમાં છે. મુસ્લિમોના પ્રત્યે પાકિસ્તાનના પાખંડને હવે દુનિયા કોઇ કિંમતે સ્વીકાર કરી શકે તેમ નથી. માનવામાં આવી શકે છે કે ચીનના વિરોધના વિકલ્પને ફગાવી દઇને અમેરિકા સંયુક્ત રાષ્ટ્રમાં નવા વિકલ્પ સાથે આવી શકે છે. જેમાં આ મુદ્દા પર ચર્ચા કરવા માટેના પ્રસ્તાવની પણ વાત છે. જો ચર્ચા કરવામાં આવશે તો ચીનને ફરી એકવાર વિશ્વ સમક્ષ નારાજગીનો સામનો કરવો પડી શકે છે. પુલવામા ત્રાસવાદી હુમલાની જવાબદારી જેશે મોહમ્મદે સ્વીકારી હતી જેથી ચીનને મુશ્કેલીનો સામનો કરવો પડે તે સ્વાભાવિક છે. જેશના લીડર તરીકે મુસદ છે. આવી સ્થિતીમાં ચીન વિશ્વની સામે જવાબ શુ આપશે તેની ચર્ચા જોવા મળી રહી છે. અમેરિ, ફ્રાન્સ અને જર્મનીના પ્રહારોનો સામનો ચીન કઇ રીતે કરે છે તે બાબત પણ લોકો જોવા માટે ઉત્સુક છે. પાકિસ્તાન પણ દબાણને અનુભવ કરે છે. તે સારી રીતે જાણે છે કે ખુલ્લી ચર્ચા થશે તો ચીનની સાથે સાથે પાકિસ્તાનની હાલત પણ કફોડી બની શકે છે. આ તમામ કારણ છે કે પાકિસ્તાન ચીન પર દબાણ લાવી રહ્યુ છે કે મંત્રણા માટે માહોલ બની શકે. પુલવામા હુમલા અને ત્યારબાદ ભારત દ્વારા પાકિસ્તાનમાં કરવામાં આવેલી કાર્યવાહીના કારણે સંબંધો ખુબ ખરાબ થઇ ગયા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી કોઇ મંત્રણા થઇ શકી નથી. ચીનના વલણના કારણે હાલના વર્ષોમાં પડોશી દેશો પણ પરેશાન થયેલા છે. કુખ્યાત મસુદના મામલે કાર્યવાહી કરવા માટે ભારતે સતત પાકિસ્તાનને કહ્યુ હતુ. જો કે પાકિસ્તાને હમેંશા ઉદાસીનતા દર્શાવી છે. ત્રાસવાદને લઇને ચીનની બોલતી બંધ થઇ શકે છે.

મમતાની પ્રતિષ્ઠા ખરડાઇ

પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતાસા બેનર્જીની પ્રતિષ્ઠા હાલના દિવસોમાં ભારે ખરડાઇ ગઇ છે. ભ્રષ્ટાચારના મામલે તેમની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. થોડાક મહિના પહેલા મમતા બેનર્જી પોલીસ રાજીવના સમર્થનમાં ધરણા પ્રદર્શન કરતા નજરે પડ્યા હતા. એક પોલીસ અધિકારીના સમર્થનમાં મમતા બેનર્જી દેખાવ સાથે આગળ આવ્યા હતા. કોલકત્તાના પોલીસ કમીશનાર રાજીવ કુમારને બચાવવા માટે મમતા બેનર્જીએ ભારે હોબાળો મચાવ્યો હતો. ધરણા પ્રદર્શન કરવા માટે તેમને અન્ય નેતાઓને પણ બોલાવ્યા હતા. કેન્દ્ર સરકાર દ્વારા તેમને હેરાન કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જો કે સુપ્રીમ કોર્ટમાં સીબીઆઇ દ્વારા રજૂઆત કરવામાં આવ્યા બાદ શિલોંગમાં રાજીવ કુમારની પુછપરછ કરવા મંજુરી આપવામાં આવી હતી. જેથી મમતા બેનર્જીને ફટકો પડ્યો હતો. આ ચકચારી કેસ બાદ તેમની મુશ્કેલી સતત વધી રહી છે. જે રીતે સીબીઆઇના અધિકારીઓને પુછપરછ કરવાથી રોકવામાં આવ્યા હતા અને તેમની સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યુ હતુ તેના કારણે મમતાની સામે દેશના લોકો નારાજ દેખાયા હતા. કોલકત્તાના લોકો પણ નારાજ દેખાયા હતા. આ મુદ્દાને ભારતીય જનતા પાર્ટી હથિયાર તરીકે ઉપયોગ કરી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ સતત જોરદાર કાર્યક્રમ કરી રહ્યા છે. આવી સ્થિતીમાં મમતાની હાલત કફોડી બની રહી છે. હજુ લોકસભા ચૂંટણી પહેલા કેટલાક કાર્યક્રમ ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવનાર છે.

પ્રભુત્વ અને દબાણની નવી લડાઇ નવી ઉંચી સપાટી પર જઇ શકે....

અમેરિકા-ઇરાન વચ્ચે ખેંચતાણ વધશે



મિસાઇલોના વ્યાપક વિકાસ અને અખાત ક્ષેત્રમાં ઘાતક ગતિવિધીના કારણે ઇરાન પર નાણાંકીય દબાણ લાવવામાં આવ્યાની દલીલો થઇ

